

એક આના બાલસાહિત્યમાળા–૬

કાનો ભરવાડ

લેખક

ચન્દ્ર[redacted]ંકર મ. [redacted]



પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાયટી

આણંદ

પહેલી આવૃત્તિ
પ્રત ૧૧૦૦
સંવત ૧૯૮૪

* * *

કીંમત ૦-૧-૦

*

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં મોતીભાઇ મથુરભાઇ
પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૨૯ : ૬ : '૨૮



(૧)

એક હતો ભરવાડ. એને એક છોકરો. છોકરાનું નામ કાનો. ભરવાડને ઘેટાંબકરાં ખૂબ વહાલાં: ગાયો તો જીવ જેવી વહાલી. રોજ સવારમાં એ વહેલો ઊઠે, ને ઢોરને ચારવા લઈ જાય. આઘે આઘે જંગલમાં જાય. કાનો પણ સાથે જાય.

ઢોર ચરવા લાગે ને કાનો ઘાસ ઉપર આડો

પડી પાવો વગાડે. ગાયો ને ઘેટાંબકરાં પણ ચરતાં ચરતાં ઘડીક એનો પાવો સાંભળે.

કાનો બહુ માયાળુ હતોઃ લવારાં ઉપર એ ખૂબ માયા રાખતો. નાનાં નાનાં વાછડાં તો એને બહુ જ ગમે.

ગાયો ને ઘેટાંબકરાં ચરતાં હોય ત્યારે કાનો વાછડાંને પાસે બેસાડે. તેમને પંપાળે, એમની ડોકમાં પોતે બાંધેલી ઘંટડી હલાવે, બચ્ચીઓ કરે ને એમને મીઠો પાવો સંભળાવે.

× × ×

કાનો મોટો થયો એટલે ભરવાડને કહે, "બા, હવે તમે જંગલમાં આવવું રહેવા દ્યો; હું જઈશ, તમે તમારે સુખે રોટલા ખાવ."

ભરવાડ કહે, "હારૂ બાપુ; પણ જરા કાળજી રાખજે હોં. ઘેટાંબકરાં તો આપણો જીવ છે. આ કાળી ગાય તો ચાર વેતરથી આપણને સેડકઢું દૂધ દીધાં કરે છે; એને જરાય કનડીશ મા. હોં બાપુ."

કાનો કહે, "હારૂ ભાભા, કોઈનેય નહિ કનડું."

હવે કાનો ઢોર ચરાવા જાય. મોટે પરોઢિયે નેહમાંથી નીકળે તે સૂરજ ઉગે જંગલમાં પહોંચી જાય. લીલી ધરો હોય ત્યાં સહુને લઈ જાય. ઢોર ચરવા લાગે ને કાનો કામળો નાખી બેસે. પાવો વગાડવા માંડે ત્યાં લવારાં ને વાછડાં દોડી દોડીને એની પાસે આવી જાય. એને ચાટે ને વિંટાઇને નિરાંતે બેસે. કાનાને તો ખૂબ મઝા પડે. બપોર થાય એટલે એ કાળી ગાયનું દૂધ દોહી લાવે, પોટકામાંથી રોટલા ને મરચું કાઢે ને નિરાંતે ખાય.

કોઇ દિવસ કાનો નદીમાં નહાય. માથે આવળનાં ફૂલ ખોસે. ગોઠિયા સાથે રમી રમીને થાકે એટલે રા'નવઘણના ને સતી રાણકના દુહાસોરઠા લલકારેઃ જંગલ આખું ગાજી ઉઠે. ખીણે ખીણે એના પડઘા પડે.

સૂરજ નમે એટલે કાનો કડિયાળી ડાંગ ફેરવીને બોલે, "આ....ઓ," "આ....ઓ." ત્યાં બધી ગાયો ઘર ભણી વળે. પાછળ ઘેટાંબકરાં પણ ચાલવા માંડે. નાનાં વાછડાં ને લવારાં લઈ કાનો બધાંની આગળ ચાલે.

નેહમાં આવીને સૌ નિરાંતે બેસે.

(૨)

ચોમાસાના દિવસ છે. કાનાની કાળી ગાયો ચારો ચરીને તાજીમાજી થઈ છે. કાનો તો દૂધ દહોતાં થાકે. બપોરે જંગલમાંય કાનો કાળી ગાય દુહે. પીવાય એટલું દૂધ પીએ ને વધે તે પિંપરવાળા રાફડામાં રેડે. મનમાં કહે, "હશે બાપુ, જે હશે તો ઠરશે." રાફડામાં એક નાગદેવ રહે. નાગદેવને દૂધ બહુ ભાવે. રોજ એ તો પેલું દૂધ પીએ ને રાજી થાય.

એક દિવસ નાગદેવને થયું કે "આવો તે કોણ છે? મને રોજ રોજ દૂધ પાય છે! ચાલ જોઉં તે ખરો." નાગદેવ બહાર નીકળ્યા.

કાનો આડો પડી વાંસળી વગાડતો'તો. પાસે વાછડાં બેઠાં'તાં. નાગદેવ ત્યાં આવ્યા. વાછડાં તો ભડકીને નાઠાં. લવારાંય નાઠાં. કાનો ડાંગ લઈ ઉભો થઈ ગયો.

નાગદેવ કહે, "સબુર, બેટા, હું તને મળવા આવું છું."

કાનો કહે, "ત્યારે તો ઠીક. નાગદેવતા, કહો કેમ પધાર્યા? મારાં તો વાછડાં ભડક્યાં!" નાગદેવ

કહે, "કાના, આટલા દિવસથી તેં મને મીઠું મીઠું દૂધ પાયું છે. આજ હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માગ, માગ, માગે તે આપું. કહે તો સોનાના મહેલ આપું. દાસદાસીઓ આપું. રાજદરબાર આપું. માગ માગે તે આપું."

કાનો કહે, "બાપુ, મારે એ બધાંનું શું કામ છે? મારાં તો આ બધાં ઢોર કહુળાં રાખજો. પેલી રાતી ગાયને ગરહોળી થઈ છે તે મટાડજો ને પેલું લવારૂં મરવા પડયું છે એને હખી કરજો."

"ઠીક, બધાં કહુળાં રહેશે. લે તનેય કંઈક આપું." એમ કહેતેકને નાગદેવે ફૂંક મારી. ત્યાં તો કાનાનું શરીર રૂપાળું રૂપાળું થઇ ગયું. સોનેરી વાળ, હીરા જેવી આંખો, આખું શરીર જાણે સોને મઢયું!

નાગદેવ રાફડામાં ગયા. કાનો ઘેર ગયો.

સૌ ભરવાડ કહે, "કાનાને કંઈક રોગ થયો છે! કાલે હાંજે તો કહુળો હતો. આજ કંઈક થયું લાગે છે!"

કાનો કહે, "એ તો નાગદાદાનાં વરદાન મળ્યાં છે."

પણ માને કાણુ?

સૌ કહે, "હાય નહિ."

(૩)

નદીકાંઠે ઢોર બધાં ચરતાં'તાં, કાનો પાવો વગાડીને જરા થાકયો'તો, વાછડાં બધાં ઉંઘી ગયાં'તાં. કાનો કહે, "લાવને જરા નાહી લઉં."

કાનો નદીમાં પડયો. એક ઘડીમાં આખી નદી ડોળી વળ્યો. ડીલ ચોળીને નાહ્યો. ના'તાં ના'તાં એનો એક વાળ પાણીમાં પડયો ને તણાવા લાગ્યો. કાનો કહે, "ભલે જાય."

(૪)

રાજકુંવરીએ ગોરમાનાં વ્રત કર્યાં છે, સરખી સાહેલીઓ સાથે નદીએ નહાવા જાય છે. "જે ગોરમા" "જે ગોરમા" કહેતાં કહેતાં સહુ પાણીમાં પડયાં: એક એક ઉપર પાણી છાંટયાં, ડૂબકી મારી એક એકને પકડવા લાગ્યાં.

સહુ ખૂબ ખૂબ રમ્યાં. રાજકુંવરી ય ખૂબ રમી. ઘણી વાર થઈ પણ રમત આડે કંઈ થાક લાગે? છેવટે રાજકુંવરી થાકી. તે કહે, "આપણે હવે નથી

રમવું." સહુ કહે, "અમારે ય નથી રમવું." બધાં પાણીમાં ઉભાં. રાજકુંવરી કહે, "કેવું ચોક્ખું પાણી છે!" એક છોડી કહે, "અરે! પેલું શું?"

સોનેરી વાળ પાણીમાં તરતો તરતો આવે છે. સૂરજનાં કિરણ એની સાથે રમી રહ્યાં છે! રાજકુંવરીએ દોડીને વાળ લઈ લીધો. "વાહ, શું રૂપાળો વાળ! હશે કોઈક ભાગ્યશાળીનો!"

રાજકુંવરીએ તો હઠ લીધી, "બસ, પરણું તો આ વાળવાળાને જ; બીજા ભાઇ ને બાપા."

સહુ કહે, "એ તે કયાંથી મળશે? એવી હઠ ના લઈએ." પણ રાજકુંવરી તો માને જ શાની?

ઘેર આવી રાજકુંવરી તો અંધારી ઓરડીમાં સૂતી. "સોનેરી વાળવાળાને લાવો તો ઉઠું, નહિ તો અહીં જ મરૂં." રાજાજીને ખબર પડી.

રાજાજી કહે, "પ્રધાનજી, પ્રધાનજી, તપાસ કરો; શહેર જુઓ, ગામ જુઓ; પાદર જુઓ, પરથાર જુઓ; મેડી જુઓ, મહેલ જુઓ; બાગ જુઓ, જંગલ જુઓ; સોનેરી વાળવાળાને હાજર કરો."

પ્રધાનજી કહે, "હા મહારાજ."

પ્રધાનજીએ તો બ્રાહ્મણોને બોલાવ્યા ને કહ્યું, "જાઓ, સોનેરી વાળવાળાને શોધી લાવો."

બ્રાહ્મણ કહે, "હા, મહારાજ, અબઘડી લઈ આવીએ. પણ બાપુ, ગણપતિને લાડવા ધરાવવા પડશે."

પ્રધાનજી કહે, "ઠીક છે. તમનેય જમાડશું. જાવ."

ખભે ખડિયા નાખી બ્રાહ્મણ તો ચાલ્યા.

(૫)

શહેર જોયું, ગામ જોયું; પાદર જોયું, પરથાર જોયું; મેડી જોઈ, મહેલ જોયા; બાગ જોયા, બગીચા જોયા; પણ ક્યાંય સોનેરી વાળવાળાને ના દીઠો.

બ્રાહ્મણ કહે, "અરેરે! બિચારા ગણપતિને લાડવા નહિ મળે! એક બ્રાહ્મણ કહે, "પણ ભાઇ, આ સામેના જંગલમાં તો જોઈએ."

સહુ ચાલ્યા જંગલમાં.

જંગલમાં કાનો ભાથું ખાતો'તો, ઢોર બધાં નિરાંતે

વાગોળતાં'તાં. કાનાના સોનેરી વાળ કાંઇ છાના રહે? સૂરજના તડકામાં એનો ચળકાટ તો માય નહિ!

બ્રાહ્મણ કહે, "ઓહો! આને સોનેરી વાળ તો છે; પણ આ તો ભરવાડ!!"

બીજો કહે, "એમાં શું? રાજા પાસે તો લઈ જઈએ."

સહુ કાના પાસે જઈને કહે, "ભરવાડ, ભરવાડ, ચાલ તને રાજાજી બોલાવે છે."

બિચારો કાનો તો હબકી જ ગયો. એ કહે, "બાપુ, મારૂં હું કામ સે? મેં કાંઈ ગનો નથી કર્યો; આ જંગલમાં ઢોર ચરાવું છું: કોઈનેય દુઃખ નથી દેતો."

બ્રાહ્મણ કહે, "તારો ગુનો કાંઇ નથી, પણ રાજાજી બોલાવે છે."

કાનો તો રોવા જેવો થઈ ગયો. "પણ બાપુ, મારાં ઢોરાં રવડી મરે ને? ગઈ હાંજે જ એક દિપડો સામા જંગલમાંથી આવ્યો'તો; એ તો ઠીક થયું કે હું વાંહે હતો. એક ડાંગે પૂરો કર્યો. બાપુ, ઢોર તો વીલાં નહિ મૂકાય."

બ્રાહ્મણ કહેઃ "ગમે તેમ કર, પણ રાજા પાસે ચાલ."

બિચારો કાનો શું કરે? એ તો માથે હાથ દઈને બેઠો. એવામાં નાગદેવ બહાર આવ્યા ને બોલ્યા, "કાના, બાપુ! શું છે? આમ લમણે હાથ દઈને કેમ બેઠો છે?"

કાનાએ બધી વાત કહી.

નાગદેવ કહે, "તું તારે સુખેથી જા, તારાં ઢોર હું સાચવીશ. જરાય ફિકર ન કરીશ."

કાનો કહે, "એ હાચુ, પણ જાળવજો નાગ-દાદા, મારાં રતન રવડે ના, હોં બાપુ."

નાગ કહે, "ઠીક."

(૬)

"રાજાજી, રાજાજી, પેલા માણસને લાવ્યા છીએ."

"હાજર કરો."

કાનો કહે, "બાપુ, કાંઈ ગનો નથી કર્યો. મારી મેળે એકલો ઢોર સારતો'તો."

રાજા કહે, "તારૂં નામ શું?"

"કાનો ભરવાડ, બાપુ."

રાજા ધીરેથી કહે, "અલ્યા કાના, પણ તારૂં આ રૂપ શાથી ફરી ગયું? આ વાળ બધા સોના જેવા કેમ થઈ ગયા?"

"બાપુ, એતો નાગબાપાના પરતાપ. એણે ફુંક મારી ને બધું આવું થઇ ગયું. ઘણીય મહેનત કરૂં છું પણ કાળાજ નથી થતા. બાપુ!"

રાજા સમજ્યો: કાનાને નાગદેવની પ્રસાદિ મળી છે.

રાજા કહે, "કાના, તારે રાજકુંવરી સાથે લગ્ન કરવાં છે?"

કાનો કહે, "હં, બાપુ, ઠેકડી રહેવા દો. અમ ભરવાડને તે રાજકુંવરી શી?"

રાજા કહે, "ના, ના, કાના! ઠેકડી નથી કરતો. આવતી કાલેજ લગ્ન થશે."

કાનો કહે, "પણ બાપુ........"

"એ કાંઈ નહિ, લગ્ન કરવાં પડશે."

સૌએ કાનાને ખૂબ સમજાવ્યો. બ્રાહ્મણો કહે, "ગાંડો થા મા. આવું ગાંડપણ કાં કાઢે છે? ગણપતિ રૂઠશે!"

કાનો કહે, "ઠીક ત્યારે."

(૭)

રાજાએ ઘડિયાં લગ્ન લીધાં: રાજમહેલ આખો દીપી ઉઠયો, આસોપાલવના માંડવા બંધાયા, ઉપર ગુલાબ ને મોગરાનાં ફૂલ બ્હેકી રહ્યાં.

વાજતેગાજતે કાનો ને કુંવરી પરણી ઉઠયાં.

રાજાએ કાનાને રહેવા એક મહેલ આપ્યો, દાસદાસીઓ આપી, નોકરચાકર આપ્યા, સોનામહોરો આપી, હાથીઘોડા આપ્યા, રથ ને પાલખી આપ્યાં, હીરા ને માણેક આપ્યાં, રત્ન ને ઝવેર આપ્યાં.

કાનો કહે, "એ તો બધું ઠીક; પણ મારી ગાયો ટળવળતી હશે એને મંગાવો."

રાજાએ માણસ મોકલ્યાં. "જાઓ, કાનાનાં ઢોર લઈ આવો."

× × ×

માણસો તો પાછાં આવ્યાં. "રાજાજી, ત્યાં તો નાગદેવ બેઠા છે. કોઈને જવા ય દેતા નથી."

કાનો કહે, "હું જ જાઉં"

કાને જંગલમાં જઈ નાગદેવને પ્રણામ કર્યા. ઢોર હાંકી રાજમહેલે પાછો આવ્યો.

(૮)

રાજમહેલમાં રડારોળ થઈ રહી છે. રાજાજીને સાપ કરડયો છે. અંગેઅંગ ઝેર ચઢયું છે. જીભ ટૂંકી થઇ છે, આંખો ઉંડી ઉતરી છે, સહુ દોડાદોડી કરે છે. "કોઈ બચાવો રે, બચાવો!"

વૈદ ભૂવા થાકી ગયા પણ કેમે કરી ઝેર ઉતરે જ નહિ. સહુએ આશા છોડી. કાનો તો મરવા બેઠો. એ કહે, "રાજા મરે તો હું મરૂં." કુંવરી કહે, "હું યે મરૂં."

એકાએક બારણું ઉઘડયું. સહુ બૂમો પાડવા લાગ્યાં. "નાસો, નાસો."

સર્રર્ર કરતોકને એક મોટો સાપ આવ્યો. કાનો કહે, "આ તો મારા નાગબાપા!"

નાગદેવ રાજાને અંગુઠે બાઝયા. ચસચસ ઝેર ચુશી લીધું રાજાની આંખ ઉઘડવા લાગી, જીભ છૂટવા લાગી, ઝેર ઉતરવા લાગ્યું.

ઘડીકમાં તો રાજા સાજો થઈ ગયો. કાનો નાગદેવને વળગી પડયો. એ કહે, "હવે નહિ જવા દઉં. બાપુ! તમારે કાજે મોગરાનાં ફૂલ પથરાવું, તાજા દૂધનાં કુંડાં મુકાવું. નાગબાપાને નહિ જવા દઉં."

નાગ કહે, "કાના, મારાથી અહીં ના રહેવાય. જરૂર પડયે મારૂં નામ દેજે, આવીને ઉભો રહીશ. તારૂં ભલું થશે."

નાગદેવ ચાલ્યા ગયા. રાજા સાજો થયો.

રાજા કાનાને કહે, "તેં મને જીવાડયો. હવે અર્ધું રાજ તારૂં ને અર્ધું રાજ મારૂં."

કાનો રાજા થયો છેઃ રૈયતને સુખી કરે છે, ગાયોની ચાકરી કરે છે, નાગદેવનાં વ્રત કરે છે, રાણી સાથે સોગઠે રમે છે. ખાય છે, પીએ છે ને મઝા કરે છે.



બા લ આ દિ ત્ય મા ળા

ધોરણ ૪થું (બાળવાર્તાઓનો સંગ્રહ)
કુમાર વીરસેન (બીજી આવૃત્તિ) ચન્દ્રશંકર
સતી [illegible] ચન્દ્રશંકર
આદિમાનવની વાતો ભાગ પહેલો
લેખકો : વિષ્ણુભાઈ અને ચંદ્રશંકર
આરોગ્ય[illegible] ભાગ પહેલો
[illegible] ચન્દ્રશંકર

એક આનાની બાળગ્રંથાવળિ

૧. અમુ [illegible] (બીજી આવૃત્તિ)
૨. કૃષ્ણ અને સુદામા વિષ્ણુભાઈ
૩. વીરકથાઓ ભાગ ૧ લો ચન્દ્રશંકર
૪. [illegible]
૫. રજની [illegible] વિષ્ણુભાઈ
૬. [illegible] ચન્દ્રશંકર

લખો : (૧) [illegible] : [illegible]
[illegible]
(૨) [illegible]
[illegible]